મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,સેકન્ડ કોર્ટ,મું.સુરત.

**ક્રિ.કેસ.નં.**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિ.**

આરોપી:–

**ગુનો:– જુગાર ધારાની કલમ–૧૨ મુજબ**

ફરીયાદ પક્ષ ના કેસની ટુંકી હકિકત એવી છે કે,આ કામના આરોપી/આરોપીઓ એ ચાર્જશીટ માં જણાવેલ વિગતે ગુનો કરેલ છે.

આજરોજ આરોપી/આરોપીઓ હાજર છે. તેઓની પ્લી લેવામાં આવેલ છે અને જેમાં તેમણે ગુન્હો કબુલ છે. તેવું જણાવેલ છે અને આજ રોજ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરવા માગતા હોઈ કબુલાત પુરસીસ આપેલ છે અને મુદ્દામાલ અંગે નો–કલેઈમ પુરસીસ આપેલ છે. આરોપી /આરોપીઓ ને તેમની સામેનાં ગુનાની ગંભીરતાં અને સજાથી વાકેફ કરેલ છે.આજરોજ આરોપીઓ/આોરોપીએ નામદાર કોર્ટ રુબરુ ગુનો કબુલ કરેલ હોય તેમણે સ્વેચ્છાએ કબુલ કરેલ હોય તેવુ જણાય છે. આરોપીઓ/આરોપીએ નામ. કોર્ટ ને દયા કરવા અરજ કરેલ છે.

**નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧),જી.એલ.આર. ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે,** જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ

ચુકાદાના પાના નં. ૭૨૧ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપી/ આરોપીઓ ની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું. તમામ રેકર્ડ વંચાણે લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ :-**

આ કામનાં દરેક આરોપી/આરોપીઓને ક્રિ.પ્રો કોડની કલમ–૨૫૨ અન્વયે જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં દોષિત ઠરાવી રુપિયા.૧૦૦ (સો રૂપિયા) અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.(કુલ રૂપિયા /–પુરા)

મુદદામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવાનો જો હુકમ ન થયેલ હોય તો રોકડ રકમ સિવાય અરજદારનું યોગ્ય વેરીફીકેશન લઈ અપીલ સમયબાદ પરત કરવાનો તથા રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવાનો તથા અન્ય નાશપાત્ર મુદદામાલ નો નિયમોનુસાર અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૯ મી માહે ડિસેમ્બર વર્ષ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહે કર્યો.

તા. ૦૯/૧૨/૨૦૨૩

સ્થળ– સુરત

(જે.એસ.જાદવ)

જજીસ કોડ નં. –૦૧૪૨૪.

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ.,સેકન્ડ કોર્ટ,સુરત